# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-01-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## ભાજપ નીતિન નવીનની વરણી

ભાજપના કાર્યકારી પ્રમુખ નીતિન નબીન આજે પક્ષના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા. પક્ષના રાષ્ટ્રીય રિટર્નિંગ ઓફિસર ડૉ. કે. લક્ષ્મણે નવી દિલ્હી સ્થિત ભાજપ મુખ્યાલયમાં સંગઠન પર્વ પર શ્રી નવીનની પક્ષના પ્રમુખ તરીકે નિમણૂકની જાહેરાત કરી અને તેમને ચૂંટણીનું પ્રમાણપત્ર સોંપ્યું. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રી નવીનને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિમણૂક થવા બદલ અભિનંદન પાઠવ્યા. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે શ્રી નવીન યુવા ઊર્જા અને સંગઠનાત્મક કાર્યમાં વ્યાપક અનુભવ ધરાવે છે જે પક્ષના દરેક કાર્યકર માટે ખૂબ જ ફાયદાકારક રહેશે.

-----------------------------------------------------------------------------------------

## નાયબ મુખ્યમંત્રી WEF – દાવોસ

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્લ્ડ ઇકોનોમિક ફોરમ **– WEF**માં ભાગ લેવા હાલ સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસના પ્રવાસે છે. જ્યાં તેમણે ઇન્ડિયા પેવેલિયનના ઉદ્ઘાટન સમયે**,** વિશ્વ પોતાની સાંસ્કૃતિક વિવિધતા અને સુંદરતા સાથે જીવંત ભારતની આભા જોઈ રહ્યું હોવાનું જણાવ્યું.

'વિકસિત ભારત **2047'** ના સંકલ્પને વૈશ્વિક મંચ પર લઈ જવાનો અને ગુજરાતના વિકાસનું આયોજન આ સંકલ્પ સાથે કેવી રીતે સુસંગત છે તે દર્શાવવાનો ગર્વ હોવાનું શ્રી સંઘવીએ ઉમેર્યું.

ઉપરાંત તેમણે વિદેશી કંપની કૉગ્નિઝન્ટના વૈશ્વિક મુખ્ય નાણાકીય અધિકારી જતીન દલાલ સાથે મુલાકાત કરી. આ અંગે સોશિયલ મીડિયા પર માહિતી આપતા શ્રી સંઘવીએ કહ્યું, ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે કૉગ્નિઝન્ટનું ટેકફિન સૅન્ટર વૈશ્વિક ગ્રાહકોને અદ્યતન ટેક્નોલૉજી નિરાકરણ પહોંચાડવા એક વ્યૂહાત્મક કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.

**------------------------------------------------------------------------------------------------**

## ગુજરાત પોલીસ ભરતી પરીક્ષા

ગુજરાત પોલીસ ભરતી બોર્ડે પોલીસ વિભાગમાં વર્ગ-**3** સંવર્ગ હેઠળ પોલીસ સબ ઇન્સ્પેક્ટર **(PSI)** અને લોકરક્ષક **(LRD)** કેડરની જગ્યાઓ માટે શારીરિક પરીક્ષા પુરૂષ ઉમેદવારો માટે આજથી **21** જાન્યુઆરીથી **13** માર્ચ સુધી શારીરિક પરીક્ષા યોજાશે. મહિલા અને પૂર્વ સૈનિક ઉમેદવારો માટે **21** જાન્યુઆરીથી **6** માર્ચ સુધી પરીક્ષા યોજાશે.

**------------------------------------------------------------------------------------------------**

## મુખ્યમંત્રી જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં **આવતીકાલે 22**મી જાન્યુઆરી**,** ગુરુવારે જનફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. નાગરિકો પોતાની રજૂઆતો **22**મી જાન્યુઆરીએ સવારે **8** થી **11** દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ**,** સ્વર્ણિમ સંકુલ-**2,** ગાંધીનગર ખાતે રૂબરૂ આપી શકશે.

**------------------------------------------------------------------------------------------------**

## પ્રજાસત્તાક પર્વ : કલેક્ટર બેઠક

કચ્છમાં આગામી **26**મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી ભુજના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવશે શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી અને કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી કાંતિલાલ અમૃતિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે રાષ્ટ્રીય પર્વની ઉજવણીના આયોજન અંગે જિલ્લા કલેક્ટર આનંદ પટેલ ના અધ્યક્ષ સ્થાને કલેટર કચેરી ખાતે

બેઠક યોજાઇ હતી .તેમણે રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં નાગરિકોને સહભાગી બનવાનું આમંત્રણ આપીને પ્રોટોકોલ મુજબ આયોજન કરવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બેઠકમાં કાર્યક્રમના આયોજન માટે વિવિધ વિભાગોને સોપાયેલી કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## કચ્છ : સાત તાલુકા પંચાયત બેઠક રોટેશન

રાજ્ય ચૂંટણીપંચ દ્વારા કચ્છની સાત તાલુકા પંચાયત બેઠક માટેનું રોટેશન જાહેર કરવામાં આવ્યું છે. રાપર, લખપત, ભુજ, અબડાસા, મુન્દ્રા, ભચાઉ, માંડવીનું ચિત્ર સ્પષ્ટ થયું છે. અંજાર અને નખત્રાણાની બે તાલુકા પંચાયતનું બાકી રહેતું રોટેશન હજુ જાહેર થવાનું બાકી છે. નિયમ અનુસાર **50%** બેઠકો તમામ તાલુકા પંચાયતમાં મહિલાઓ માટે અનામત રખાઈ છે તો સાત તાલુકા પંચાયતની **148** બેઠક પૈકી **83** બેઠક બિન સામાન્ય માટે અનામત રખાય છે બાકીની **65** બેઠક અનુસૂચિત જનજાતિ અને જનજાતિ અને સામાન્ય શૈક્ષણિક પછાત વર્ગ માટે અનામત રખાઈ છે.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારત અને ન્યૂઝીલેન્ડની ટીમો વચ્ચેની પાંચ ટી **20** મેચની શ્રેણીનો આજથી આરંભ થાય છે. આજે પ્રથમ મેચ નાગપુર ખાતે સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

મહિલા પ્રીમિયર લીગમાં દિલ્હી કેપિટલ્સને બીજી જીત મળી. ટીમે વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સને **7** વિકેટે હરાવ્યું. પહેલા બેટિંગ કરતા મુંબઈએ **154** રન બનાવ્યા, દિલ્હીએ **19** ઓવરમાં લક્ષ્ય હાંસલ કરી લીધું.

---------------------------------------------------------------------------------------

## હવામાન

રાજ્યમાં આગામી સાત દિવસ ઠંડીનું જોર યથાવત્ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું કે, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા વધુ નોંધાયું છે. જ્યારે ગત **24** કલાકમાં **10** પૂર્ણાંક **2** ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે જુનાગઢનું કેશોદ સૌથી ઠંડું શહેર રહ્યું છે.

**-----------------------------------------------------------------------------------------**